કરોડોની છેતરપિંડી કરનાર ક્રિકેટર રીશી આરોઠેએ રાજકોટમાં પણ 21 લાખની નકલી ટિકિટ વેચી હતી

વડોદરા, તા.૨૪

વડોદરા સહિત રાજ્યમાં વિવિધ ઠેકાણે કરોડોની છેતરપિંડી આચરનાર રણજી ખેલાડી રીશી આરોઠેને ગોવાથી પોલીસે પકડી પાડ્યો હતો. અગાઉ વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનમાં

રીશી જામીન પર છૂટ્યા બાદ નવી કરતૂતો સામે આવી હતી, જેને લઈ ફરી પોલીસે રીશીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. રીશી આરોઠેએ IND-PAK વર્લ્ડકપ ક્રિકેટ મેચની 21 લાખની બોગસ ટિકિટનું વિતરણ રાજકોટમાં કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. તેથી વડોદરા SOGએ રીશીને પકડીને રાવપુરા પોલીસ મથક સોંપ્યો હતો. બાદમાં વલસાડ પોલીસને કસ્ટડી સોંપાશે. દરમિયાન કેટલા ગુનાઓમાં અગાઉ સંડોવાયેલો છે તેની તપાસ થશે.

આ અંગે SOG પીઆઈ વિવેક પટેલે જણાવ્યું કે, ગઈકાલે SOG પોલીસે રીશી તુષાર આરોઠેને ગોવાથી પકડવામાં આવ્યો છે. અગાઉ મંજલપુર, રાવપુરા અને વલસાડ પોલીસ મથકમાં એક કરોડથી વધુ ચીટીંગના ગુના નોંધાઈ ચૂક્યા છે. આ રીશી આરોઠેને હાલમાં પકડીને રાવપુરા પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો હતો. બાદમાં તેને વલસાડ પોલીસને કસ્ટડી સોંપવામાં આવશે. તે દરમિયાન કેટલા ગુનાઓમાં અગાઉ સંડોવાયેલો છે તેની તપાસ થશે.

વધુમાં જાણકારી મળી હતી કે, ટિકિટ બાબતે અલગ અલગ અરજીઓ રાજકોટ-અમદાવાદમાં થઈ છે. જેથી અન્ય એજન્સીઓની ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. જો હજુ કોઈ ભોગ બન્યું હોય તો આ બાબતે લોકોએ પોલીસનો સંપર્ક કરવો જોઈએ. સાથે સાળંગપુર મંદિરમાં થયેલી ચીટિંગ બાબતે પણ પૂછપરછ કરવામાં આવશે. આ રૂપિયા ક્યાં ઈન્વેસ્ટમેન્ટ કરવાના હતા, ક્યાં વાપરવાના હતા. આ પૈસાનો દુરુપયોગ કરી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના હતા કે કેમ તે બાબતે પણ તપાસ કરાશે

વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ માંજલપુર પોલીસ સ્ટેશનમાં રીશી જામીન પર છૂટ્યા બાદ કેટલીક બાબતો અમારા ધ્યાનમાં આવી છે અને ત્યારબાદ કેટલીક ફરિયાદો થઈ છે. આ બાબતે હાલમાં તપાસ ચાલી રહી છે અને રાજ્યમાં વિવિધ એજન્સીઓને પણ આ બાબતે અમે જાણકારી આપી તપાસ કરીશું. આ આરોપી દ્વારા મંદિરમાં ચીટીંગ કરાઈ હતી. તેમજ વલસાડમાં એક રણજી પ્લેયરને 75 લાખમાં રણજી ટ્રોફીમાં રમાડવાના બહાને ચીટિંગ થઈ હતી. સાથે રાજકોટમાં 21 લાખના ફેક ટિકિટ વેચી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. વધુમાં જણાવ્યું કે, અમદાવાદમાં રમાયેલી ભારત-પાકિસ્તાન વર્લ્ડકપ મેચની બોગસ ટિકિટનું વિતરણ રાજકોટમાં કરાયું હતું. આશરે 21 લાખની બોગસ ટિકિટનું વિતરણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

જામીન ઉપર છૂટ્યા બાદ નવી કરતૂતમાં ગોવાથી પકડાયો, ભારત પાક. વર્લ્ડકપ મેચની બોગસ ટિકિટ આપી હતી: પીડિત વ્યક્તિ

અગાઉ પણ પૂર્વ રણજી ક્રિકેટર રીશી આરોઠે સામે છેતરપિંડીની ફરિયાદ થઈ હતી

અત્રે ઉલ્લેખનીય છે કે છેતરબાજ પૂર્વ રણજી ક્રિકેટર રિશી આરોઠેને વડોદરા SOG પોલીસે અગાઉ મુંબઈની એક હોટલમાંથી દબોચી લીધો હતો.રિશી આરોઠેના પિતા અને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કોચ તુષાર આરોઠેના ઘરમાંથી 11 દિવસ પહેલા પોલીસે 1.39 કરોડ રૂપિયા જપ્ત કર્યા હતા અને પોલીસે તુષાર આરોઠે સહિત 3 આરોપીની અટકાયત કરી હતી. તે સમયે રિશી આરોઠે ફરાર હતો એટલામાં રિશી સામે એક વેપારીએ ગોવામાં પ્રોજેક્ટમાં રોકાણના નામે લાખો રૂપિયા પડાવ્યાની ફરિયાદ અને પંચમહાલના યુવા ક્રિકેટરને IPLમાં રમડવાના લાલચે આપીને 5.27 લાખ પડાવ્યાની ફરિયાદ નોંધાઈ હતી. છેતરપિંડીની ફરિયાદ નોંધાતા પોલીસે રિશીને ટ્રેસ કરીને મુંબઈના થાણેની એક હોટલમાંથી દબોચીને વડોદરા લાવવામાં આવ્યો હતો. ત્યાં ફરી એક નવી કરતૂત રીશીની સામે આવતા પોલીસ તપાસમાં લાગી છે.

રાજકોટના પોલીસ કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરનો આપઘાત: હેડક્વાટરના ૧૦મા માળેથી પડતુ મુક્યું

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં વધુ એક આપઘાતની ઘટના સામે આવી છે. રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરે મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બિલ્ડિંગના 10મા માળેથી છલાંગ લગાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બી બ્લોકમાં 10મા માળેથી છલાંગ લગાવી રાજકોટ પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાર્ગવ બોરીસાગર (ઉ.વ.23) નામના યુવાને આપઘાત કરી લીધો છે. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ તેમજ આસપાસના લોકો અને પોલીસ પરિવારના લોકો એકઠા થઈ ગયા હતા. પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ભાર્ગવ મૂળ જેતપુરનો વતની હતો અને છેલ્લા 2-3 મહિનાથી તે મવડી પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેવા આવ્યો હતો. ભાર્ગવ રૂરલ એસપી કચેરીમાં રીડર શાખામાં ફરજ બજાવતો હતો અને આજથી એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતા. પોલીસ કોન્સ્ટેબલે આજે કરેલા આપઘાતના બનાવ અંગે પરિવારજનો પણ કોઈ ચોક્કસ કારણ જાણતાં ન હોવાથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. 23 વર્ષીય યુવાને અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

ભાર્ગવ એસપી કચેરીમાં રીડર શાખામાં ફરજ બજાવતો હતો 23 વર્ષનો જુવાનજોધ દીકરો ગુમાવતા પરિવાર આઘાતમાં

ક્ષત્રિયોના વિરોધ વચ્ચે રાજકોટમાં ભાજપનું 'ઓપરેશન લોટસ': કોળી અગ્રણી કેસરિયા કરશે

રાજકોટ, તા.૨૪

ગુજરાતની 26 લોકસભા બેઠકો પર આગામી 7મી મેના રોજ મતદાન થવાનું છે, ત્યારે તમામ પાર્ટી અને ઉમેદવારો જોરશોરથી પ્રચાર કરી રહ્યાં છે. એવામાં છેલ્લી ઘડી સુધી કોંગ્રેસના નેતાઓ પાર્ટી સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ રહ્યાં છે. અગાઉ અમદાવાદ પૂર્વ બેઠક પરથી કોંગ્રેસે પોતાના ઉમેદવાર જાહેર કરેલ રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કર્યા બાદ ભાજપમાં જોડાઈ ગયા હતા. હવે રાજકોટ બેઠક પરથી પણ કોળી અગ્રણી 'કેસરિયો' ધારણ કરવા જઈ રહ્યાં છે.

હકીકતમાં અખિલ ભારતીય કોળી સમાજના યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ વિક્રમ સોરાણીએ રાજકોટ લોકસભા બેઠક પરથી કોંગ્રેસ તરફથી ટિકિટ માંગી હતી. જો કે પાર્ટીએ પરેશ ધાનાણી પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. એવામાં વિક્રમ સોરાણી આગામી 29 એપ્રિલના રોજ રામપરા ખાતે ભાજપના પ્રદેશ

અધ્યક્ષ સી.આર. પાટીલની હાજરીમાં આયોજિત કાર્યક્રમમાં 'કેસરિયા' કરશે. રાજકોટ લોકસભા બેઠક પર ક્ષત્રિયોના આંદોલન અને કોંગ્રેસ દ્વારા પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારવાના કારણે સર્જાયેલ રાજકીય સમીકરણો જોતા બે લાખ જેટલા કોળી મતો નિર્ણાયક બની શકે છે. આથી ભાજપ એક પછી એક જ્ઞાતિના નેતાઓને પાર્ટીમાં સામેલ કરીને પોતાના ઉમેદવારની જીત નિશ્ચિત કરવા ઑપરેશન પાર પાડી રહી હોવાનું લાગી રહ્યું છે.

વિક્રમ સોરાણીએ વાંકાનેર વિધાનસભા બેઠક પરથી આમ આદમી પાર્ટીના મેન્ડેટ પર ચૂંટણી લડ્યા હતા અને 53 હજારથી વધુ મત પણ મેળવ્યા હતા. જો કે ચૂંટણી બાદ વિક્રમ સોરાણીએ આપમાંથી રાજીનામું આપી દીધુ હતુ. છેલ્લે વિક્રમ સોરાણીએ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુના ટેકાથી રાજકોટ લોકસભા બેઠક પરથી ટિકિટ મેળવવા માટે લોબિંગ કર્યું હતુ.

કોંગ્રેસમાંથી ટિકિટ માંગનાર કોળી અગ્રણી વિક્રમ સોરાણીને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ રામપરા ખાતે આયોજિત કાર્યક્રમમાં ખેસ પહેરાવશે

અમદાવાદની યુવતીનો ફોટો મોર્ફ કરી બદનામ કરવાના પ્રકરણમાં ટેનિસ ખેલાડી માધવીન સામે પોલીસ ફરિયાદ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં રહેતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ટેનિસ પ્લેયર માધવીન કામથ વિરુદ્ધ અમદાવાદ સાયબર ક્રાઇમ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં તેણે તેની પરિચિત યુવતીનો ફોટો ઈન્સ્ટાગ્રામ પરથી ડાઉનલોડ કરીને મોર્ફ કર્યા બાદ યુવતીનો મોબાઈલ નંબર પોસ્ટરમાં ફોર એસ્કોર્ટ સર્વિસ લખીને બદનામ કરી હતી. યુવતીને અજાણ્યા મોબાઈલ ફોન પરથી અઘટિત માંગણી કરતા ફોન આવતા યુવતીને પોસ્ટર બાબતે જાણ થઈ હતી. ત્યાર પછી સાયબર ક્રાઇમે લગાવેલા પોસ્ટર અંગે સીસીટીવીને આધારે તપાસ કરતા માધવીન કામથ આ પોસ્ટર લગાવતો હોવાનું સામે આવ્યું હતું. હાલ સીસીટીવીને આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતી એક 22 વર્ષીય યુવતીને છેલ્લાં 20 દિવસથી અજાણ્યા મોબાઈલ નંબર પરથી કોલ આવતા હતા. જેમાં તેને કોલ કરનાર એસ્કોર્ટ ગર્લ તરીકે કહીને પરેશાન કરતા હતા. આ અંગે યુવતીને જાણવા મળ્યું હતું કે કોઈ વ્યક્તિએ ઈન્સ્ટાગ્રામ પરથી યુવતીનો ફોટો ડાઉનલોડ કરીને તેનુ પોસ્ટર બનાવ્યું હતું. આ પોસ્ટરમાં યુવતીના ફોટો નીચે મોબાઈલ નંબર લખીને 'કૉલગર્લ ફોર ફન' લખ્યું હતું. આ પોસ્ટરમાં લખેલા નંબર પર કોલ કરીને તેને પરેશાન કરવામાં આવતી હતી. જેથી આ અંગે સાયબર ક્રાઇમ સેલમાં તાત્કાલિક જાણ કરાઈ હતી. આ દરમિયાન પોલીસે યુવતીની ફરિયાદ નોંધીને જે ત્રણ સ્થળે પોસ્ટર લગાવેલા હતા, તેની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં એક સીસીટીવી ફૂટેજમાં સ્કૂટર પર આવેલો યુવક પોસ્ટર લગાવતો

દેખાયો હતો. આ ફૂટેજ યુવતીને બતાવવામાં આવતા તે ચોંકી ઉઠી હતી. કારણ કે પોસ્ટર લગાવનાર યુવકનું નામ માધવીન કામથ હતું .

કામથ આંતરરાષ્ટ્રીય ટેનિસ પ્લેયર છે. તે આ યુવતીનો પરિચિત હતો. માધવીન હાલ ફ્રાન્સમાં ટેનિસ ટુર્નામેન્ટ રમવા ગયો હોવાથી તેના પરત આવ્યા બાદ પોલીસ દ્વારા તેની પૂછપરછ કરી કાર્યવાહી હાથ ધરાશે. જો કે તેને ગુનો નોંધાયો હોવાની માહિતી મળી ચૂકી હોવાથી તે ભારત પરત આવ્યા બાદ ધરપકડથી બચવા નાસી જઈ શકે છે. જેથી ક્રાઇમબ્રાંચે પૂરતી તૈયારી કરી છે.

આંતરરાષ્ટ્રીય ટેનિસ પ્લેયર માધવીન કામથે કથિત રીતે સોશિયલ મીડિયામાં યુવતીનો મોબાઈલ નંબર પોસ્ટરમાં ફોર એસ્કોર્ટ સર્વીસ લખીને બદનામ કરી હતી

ગુજરાત યુનિ.ની વેકેશનની તારીખમાં ફેરફાર: 9 મેથી 26 જૂન સુધી વેકેશન રહેશે

અમદાવાદ: ગુજરાત યુનિ.માં 1 મેથી 15 જૂન સુધી વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ ચુંટણીના કારણે અધ્યાપકો ચૂંટણી કામગીરીમાં હોવાથી વેકેશનના સમયમાં ફેરફાર કરી 9 મેથી વેકેશન શરૂ કરવા માગ કરવામાં આવી હતી. જેને માન્ય રાખીને ગુજરાત યુનિવર્સિટી દ્વારા વેકેશનની નવી તારીખ જાહેર કરવામાં આવી છે જે મુજબ 9 મે થી 26 જૂન સુધી વેકેશન રહેશે. ગુજરાત યુનિ.માં અગાઉ વેકેશનની તારીખ 1 મે થી 15 જૂન સુધી જાહેર કરવામાં આવી હતી, પરંતુ લોકસભાની ચૂંટણીમાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓ જોડાયેલા હોવાથી વેકેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

RELIANCE Asset Reconstruction
૧૧મા માળે,નોર્થ સાઇડ,આર-ટેક પાર્ક, વેસ્ટર્ન એક્ષ્પ્રેસ હાઇ વે,ગોરેગાંવ (પૂર્વ),મુંબઈ - ૪૦૦૦૬૩
કબજા નોટીસ (સ્થાવરમિલકતો માટે) જુઓ રૂલ ૮(૧)
આથી રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિ. (આરએઆરસી) ના અધિકૃત અધિકારીએ **જેઆરએઆરસી ૦૨૦ ટ્રસ્ટના ટ્રસ્ટી** છે જેમણે **તા.૨૪.૦૩.૨૦૧૭ના રોજ થયેલા એસાઈમેન્ટ એગ્રીમેન્ટ** હેઠળ સિક્યુરાઈઝેટેશનએન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ , ૨૦૦૨ના રૂલ ૩ હેઠળ પ્રાપ્તઅધિકારોનો ઉપયોગ કરીનેનીચે જણાવેલા દેવાદારોને **તા.૦૧.૦૭.૨૦૧૯**ના રોજ ડિમાન્ડ નોટીસ પાઠવી નોટીસમાં જણાવેલી બાકી રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવ્યું હતું.
દેવાદાર અને જામીનદારો બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ આથી દેવાદારો અને જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે નીચે સહી કરનારે કથિત એકટના ખંડ ૧૩(૪) અને સાથે વંચાણે લેતા કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરીને નીચે જણાવેલી મિલકતોનો વાસ્તવિક કબજો **તા.૨૧.૦૪.૨૦૨૪**ના રોજ લીધો છે.
આથી દેવાદારો અને જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે નીચે જણાવેલી મિલકતોરીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિ. ના બાકી લેણી રકમ સામે તાબામાં હોવાથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં.
આથી દેવાદારોનું ધ્યાન એકટના ખંડ ૧૩ના પેટા ખંડ ૮ ની જોગવાઈ તરફ દોરવામાં આવે છે જે મુજબ તેમની પાસે ગીરો મિલકતો છોડાવવાનો હજુ સમય છે.

દેવાદારો/જામીનદારોના નામ	બાકી રકમ
૧. શ્રી લક્ષ્મીકાન્ત રમાપતિ મિશ્રા ૨. શ્રીમતી પ્રિયંકા લક્ષ્મીકાન્ત મિશ્રા	રૂ.૯,૮૨,૮૮૮.૭૬/- (રૂપિયા નવ લાખ બ્યાંસી હજાર આઠસો અઠ્ઠયાંસી અને છોરોર પૈસા પુરા) (તા.૧૬.૦૭.૨૦૧૯ સુધીના વ્યાજ સહિત) ની સાથે ત્યારબાદનું વ્યાજ અને ખર્ચ
ગીરો મિલકતોનું વર્ણન	
દુકાન નં.૩,ગ્રાઉન્ડ ફ્લોર, ક્ષેત્રફળ ૨૫૧ ચો.ફૂટ અથવા ૨૩.૩૨ ચો.મી.સુપર બિલ્ટઅપ એરિયા અને ૧૫.૭૮ ચો.મી. કાર્પેટ એરિયાની સાથે આકાશ વિલા ફ્લેટસની અવિભાજિત જમીનનો ભાગ,રે.સ.નં.૬૫/૨ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦-૨૪-૨૮,આકાર રૂ.૪.૬૫ પૈસા પૈકી દક્ષિણ તરફે ૧૦૪૩.૮૯ ચો.મી. ખાનગી પ્લોટ નં.બી , ટીપી સ્કીમ નં.૫૭,ફા.પ્લોટ નં.૨૪ મોજે ગામ પાંડેસરા,સુરત સીટી **ચતુઃસીમા : પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** રે.સ.નં.૬૫/૧, **ઉત્તરે :** આંતરીક રોડ, **દક્ષિણે :** સીઓપી	

તા.૨૯.૦૪.૨૦૨૪ સહિ/-(અધિકૃતઅધિકારી)
સ્થળ : સુરત રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કં.લિ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે તેલંગણામાં ભાજપા ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર કરશે

અમદાવાદ, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે આવતીકાલે તા. ૨૫મી એપ્રિલને ગુરૂવારે તેલંગણા રાજ્યના પ્રવાસે જશે. મુખ્યમંત્રી તેલંગણાની કરીમનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સંજયકુમાર બંદીના નામાંકન પત્ર ભરવા સમયે સવારે ૧૦:૦૦ વાગ્યે ઉપસ્થિત રહેવાના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવારે બપોર બાદ ત્રણ કલાકે કુરનુલ લોકસભા મતક્ષેત્રના ભાજપા ઉમેદવાર ભરત પ્રસાદજીના સમર્થનમાં ચૂંટણી પ્રચાર સભાને સંબોધન કરશે અને સાંજે ગાંધીનગર પરત આવશે. દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકસભા ચુનાવ-૨૦૨૪ માટે ઝારખંડ રાજ્યની લોહરદગા સંસદીય બેઠકના ભાજપા ઉમેદવાર સમીર ઓરાનના નામાંકન પત્ર દાખલ કરવા સમયે તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઝારખંડ પ્રદેશ ભાજપા અગ્રણીઓ પણ આ અવસર જોડાયા હતા.

રાજકોટ-કચ્છમાં ક્ષત્રિય સમાજના ધર્મરથનું પ્રસ્થાન વિવિધ વિસ્તારોમાં ફરી ભાજપ વિરુદ્ધ પ્રચાર કરશે

રાજકોટ, તા.૨૪

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાને હટાવવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ સામે શરૂ કરાયેલા રાજ્ય વ્યાપી આંદોલનના ભાગરૂપે આજે રાજકોટ ખાતે આશાપુરા માતાજીના મંદિર ખાતેથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં કુલ સાત ધર્મરથ કાઢવાની ક્ષત્રિય સમાજે જાહેરાત કરી હતી. તેમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના રથનું બે દિવસ પહેલા જ પ્રસ્થાન કરાવાયું હતું. જ્યારે આજે રાજકોટ અને કચ્છમાં ધર્મરથના પ્રસ્થાન કરવામાં આવ્યા હતાં. આ ધર્મરથ વિવિધ વિસ્તારોમાં તા.૧ મે સુધી પરશે અને ભાજપ વિરૂધ્ધ પ્રચાર કરનાર છે.

ભાજપ વિરુદ્ધ પ્રચાર કરવા માટે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ દ્વારા રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ધર્મરથનું આયોજન કર્યું છે. રાજકોટના પેલેસ રોડ સ્થિત આશાપુરા મંદિર ખાતેથી આજે સવારે સાડા નવ વાગ્યે ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓ હાજર રહ્યાં હતા.

ધર્મરથ આજે સીધો જ વાંકાનેર તાલુકાના ગામડાઓમાં ફરશે. ત્યારબાદ 25 એપ્રિલે મોરબી અને ટંકારા તાલુકામાં ફરશે. 26 એપ્રિલે પડધરી તાલુકા, 27 એપ્રિલે ઓખિકા તાલુકા, 28 એપ્રિલે કોટડાસાંગાણી તાલુકો, 29 એપ્રિલે રાજકોટ તાલુકો અને 30 એપ્રિલે જસદણ વિંછીયા તાલુકા અને 1 મેએ રાજકોટ શહેરના વિસ્તારોમાં આ ધર્મરથ ફરશે.

પૂરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિયો લડી લેવાના મૂડમાં, રાજ્યમાં કુલ સાત ધર્મરથ પ્રસ્થાન કરાવાશે

રાજકોટની સાથોસાથ કચ્છમાં પણ અસ્મિતાની લડાઈ સંદર્ભે આજે ક્ષત્રિય અસ્મિતા રથનું માતાના મઢ ખાતેથી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. માતાના મઢથી ધર્મરથ આજે આખો દિવસ અબડાસા તાલુકામાં અને નખત્રાણા તાલુકામાં ફરશે જેમાં બપોરે જંગડીયા, રામપર, નલીયા, કોઠારા, મોથાળા, રામપરા, નખત્રાણામાં રાત્રિ રોકાણ કરશે.

જાહેર ચેતવણી

બાજુનો ફોટો મારા પુત્ર આશીષ અગ્રવાલ છે તથા શાનુ ગર્ગ તે હમોના પુત્રની પત્ની થાય છે. તેઓ છેલ્લા ઘણા સમયથી મારા કહ્યામાં/ કંટ્રોલમાં નથી તેથી મે તેની સાથેના તમામ સંબંધો તોડી નાંખેલા છે અને મારી મિલકતમાંથી કાયમી ઘોરણે બેદખલ કરેલ છે તેથી તેની સાથે કોઈએ સંબંધ વ્યવહાર કરવા નહી. તેણીની આ વ્યક્તિ સાથે કોઈપણ વ્યકિત વ્યવહાર કરે, તો તે બાબતે હમારી કોઈ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.
સદર જાહેર ચેતવણી હમો રાજેન્દ્ર ગોપાલ અગ્રવાલ નાઓ દ્વારા આપેલ સુચના અને ફરમાઈશ અનુસાર આપેલ છે.
મારી મારફત વિનય ડી. સિંહ એડવોકેટ
૨૬, ગણેશ નગર, પત્રકાર કોલોનીની સામે, બમરોલી રોડ, પાંડેસરા, સુરત. મો.નં. ૮૦૦૦૮૧૬૦૨૬

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન-બારડોલી
પો. સરદાર બાગ - ૩૯૪ ૬૦૧, જી. સુરત

(૦૧) એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ અન્વયે સંસ્થામાં મે/જુન-૨૦૨૪ ભરતીસત્ર દરમ્યાન નીચે જણાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસોની ભરતી કરવાની હોય, એપ્રેન્ટીસ તરીકે જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાનું નામ, સરનામું, જન્મતારીખ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી. તથા આઈ.ટી.આઈ. પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રમાણીત કરેલ નકલ સહિતની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં ઉપરોકત સરનામે પહોંચતી કરવી.

ક્રમ	ટ્રેડ	શૈક્ષણિક લાયકાત	તાલીમ મુદત	સંખ્યા
૦૧.	ટર્નર	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) ટર્નર પરીક્ષા પાસ	૧ વર્ષ	૦૧
૦૨.	વાયરમેન	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) વાયરમેન પરીક્ષા પાસ	૧ વર્ષ	૧૦
૦૩.	ફીટર	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) ફીટર પરીક્ષા પાસ	૧ વર્ષ	૧૦
૦૪.	ઈન્સ્ટ્રુમેન્ટ મીકે.	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) ઈન્સ્ટ્રુમેન્ટ મીકે. પરીક્ષા પાસ	૧ વર્ષ	૦૩
૦૫.	વેલ્ડર	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) વેલ્ડર પરીક્ષા પાસ	૧ વર્ષ	૦૫
૦૬.	કોમ્પયુટર	આઈ.ટી.આઈ. (એન.સી.વી.ટી.) COPA પરીક્ષા પાસ	૧ વર્ષ	૦૨

૦૧. એપ્રેન્ટીશશીપ માટે અરજી કરનારે apprenticeshipindia.org વેબસાઈટ પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, અને સદર પોર્ટલમાં Apply થવાનું રહેશે તથા અરજી સાથે રજીસ્ટ્રેશન કોડ ફરજીયાત લખવાનો રહેશે.
૦૨. પસંદગી પામેલ ઉમેદવારે એપ્રેન્ટીસ એકટમાં જણાવ્યા પ્રમાણે સંસ્થા સાથે કરારનામું કરવાનું રહેશે.
૦૩. એસ.સી./એસ.ટી. ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
૦૪. આઈ.ટી.આઈ. પાસ થયેલ ઉમેદવારો જ અરજી કરી શકશે.
૦૫. તાલીમ દરમ્યાન એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ મુજબ તાલીમ ભથ્થુ આપવામાં આવશે.
બારડોલી
તા. ૨૫.૦૪.૨૦૨૪ **મેનેજીંગ ડીરેક્ટર**

:: જાહેર નોટીશ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલ મિલ્કત ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ **સુરત સીટીમાં અડવાલાઈન્સ**, ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૯૩, બ્લોક નંબર-૬, ટી.પી.સ્કીમ નં.-૫(ઉમરા-અઠવા), **ફા.પ્લોટ નં.-૨૯૦** વાળી જમીનમાં આયોજીત કરવામાં આવેલ **શ્રી કૃષ્ણકુંજ કો.ઓપ.હા.સો.લી.** (રજી.નં.-ઘ-૧૯૯૨) માં આવેલ **બંગલા નં.-૪૪** ના **માલિક શ્રી મહેન્દ્રભાઈ વૈકુંઠભાઈ પારેખ/શ્રી રાજુભાઈ વૈકુંઠભાઈ પારેખ**ના **શેર સર્ટી નં.-૧૦૩૬ થી ૧૧૦૦, નં.૨૫, તા. ૩૦/૦૯/૧૯૯૫** ના રોજ ઈશ્યુ કરવામાં આવેલ હતા, જેની કિંમત ૫૦(૨૫) રૂા. ૧૨૫૦/- છે. તે શેર સર્ટીફિકેટ તેમના દ્વારા ખોવાય ગયેલ કે ગેરવલ્લે મુકાયેલ છે. જે અંગે સોસાયટીમાં ડુપ્લીકેટ શેર ઈશ્યુ કરવા માટે આવેલ અરજી અંગે સોસાયટી દ્વારા જાણ કરવામાં આવે છે કે આ ડુપ્લીકેટ શેર ઈશ્યુ માટે કોઈ સરકારી, અર્ધસરકારી કે વ્યકિતને વાંધો હોય તો સોસાયટીને લેખિતમાં દિન-૭ (સાત)માં જાણ કરવાની રહેશે. જાહેર નોટીશથી ૭ દિવસ પુર્ણ થયા બાદ સોસાયટી દ્વારા તેમને ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી. તે અંગે જાહેર જનતાનું ધ્યાન દોરવામાં આવે છે.
(તા. ૨૫/૦૪/૨૦૨૪) **પ્રમુખશ્રી / મંત્રીશ્રી / ખજાનચીશ્રી, શ્રી કૃષ્ણકુંજ કો.ઓપ.હા.સો.લી.**

**હીરો હાઉસિં